# દાહોદના મે. ત્રીજા એડી. ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું.દાહોદ

**ક્રિ.કે.નં.૨૫૨૫/૨૦૨૫**

આંક–

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– રાકેશભાઈ રામાભાઈ ડામોર

ગુન્હો :– બી.એન.એસ.કલમ.૨૨૩ મુજબ

**–:: જ જ મે ન્ટ ::–**

૧. આ કામના આરોપી સામે તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ આરોપીએ દાહોદ ટાઉન એ ડીવીઝન પો.સ્ટે. વિસ્તારમાં બી.એન.એસ.ક.૨૨૩ મુજબનો શીક્ષાને પાત્ર ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે અને તે મુજબની બી.એન.એસ.ક.૨૨૩ મુજબની ચાર્જશીટ આ કામના ફરીયાદી / ત.ક.અમ.એ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે અને તેને વેરીફાઈ કરી કોર્ટમાં રજીસ્ટરે નોંધવામાં આવે છે.

૨. આરોપીને આજરોજ અદાલતમાં હાજર રખાવતા તેને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ. આરોપીએ ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે અને આરોપીનું નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલ હોય ગુનાની કબુલાત સાચી અને સ્વૈસ્છિક છે તેથી તેને ના સ્વીકારવા કોઈ કારણ નથી જેથી આરોપીને સદર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે.

૩. આરોપીએ વધુમાં એવી કબુલાત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના માણસ છે અને આ ગુનો તેમનાથી અજાણતામાં થયેલ છે અને તેમનો આ પ્રથમ ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની બાંહેધરી આપે છે અને દયાની માંગણી કરેલ છે. જો આરોપીને જેલની સજા કરવામાંઆવે તો આરોપી રીઢા ગુનેગારના સપંર્કમાં આવે અને તેમ થયેથી આરોપી ઉપર વિપરીત અસર થાય તેમ તેમજ કેસના સંજોગો અને હકીકતને ધ્યાને લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે બી.એન.એસ.ક.૨૨૩ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂપિયા ૨૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો) પુરા નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો દિન–૩ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૨મી માહે જુલાઈ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૭/૨૦૨૫
મુકામ–દાહોદ.

(સતિષસિંહ બી. ચૌહાણ)
ત્રીજા એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ દાહોદ
(જજ કોડ નં.જીજે.૦૧૨૬૯)